## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



મારા પક્ષમાંથી ફુટી ગયો એનો મતલબ એ નથી કે હુ પેપર ફોડુ...!!

# દહેગામ પાસેથી સ્વીફ્ટ ડીઝાયર ગાડીમાંથી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૩૧

નાંદોલ થી દહેગામ હાઈ-વે પર દારૂ ભરેલી ગાડીનો ફિલ્મીઢબે પીછો કરી દહેગામ ખાતેથી સ્વીફટ ડીઝાયર કાર ઝાડ સાથે ટકરાયેલી હાલતમાં મળી આવી હતી. પોલીસે ગાડીમાંથી વિદેશી દારૂની વિવિધ બોટલ તેમજ બિયરના ટીન મળી કુલ નંગ-૧૯૧ કિં. ૬૬,૬૮૫, તેમજ સ્વીફટ ગાડી કિં.રૂ. ૨ લાખ મળી કુલ રૂ.૨.૬૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ એચ.પી.પરમારના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો દારૂ બંધી રોકવા માટે વોચમાં હતી.તે સમયે એલસીબીની ટીમ દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી.તે સમયે હે.કો.રાકેશસિંહ, કોન્સ્ટેબલ આશિષસિંહ ને સંયુકત બાતમી મળી હતી કે સફેદ કલરની સ્વીફટ ડીઝાયર કાર જી.જે.૧૮.બી.જી.-૦૮૪૯ માં વિદેશી દારૂનો જથ્થો ભરી સાણોદા થી નાંદોલ થઈ દહેગામ તરફ આવી રહી છે. જેથી એલસીબી



ટીમે સાણોદા થી દહેગામ તરફના માર્ગ પર ખાનગી વાહનની આડશ ઉભી કરી હતી. તે સમયે બાતમીવાળી ગાડી આવતા તેને ઉભી રાખવા માટે ઈશારો કર્યો હતો. જેથી ગાડીમાં ડ્રાઈવર અને તેની પાસે સીટમાં બેઠેલી વ્યકિત પોલીસને જોઈ જતા ગાડી ઉભી રાખી ન હતી. તેઓએ ગાડી દહેગામ તરફ દોડાવી મુકી હતી.જેથી પોલીસે પણ ફિલ્મી ઢબે પીછો કરી રાખ્યો હતો. તે સમયે બાતમીવાળી ગાડી ઝાડ સાથે ટકરાયેલી હાલતમાં ડ્રાઈવર સાથે મળી આવી હતી. પોલીસે દારૂ-બિયરની વિવિધ બોટલ તેમજ કાર મળી કુલ રૂ. ૨.૬૬ લાખથી વધુ નો મુદ્દામાલ કબ્જે કરી ડ્રાઈવર નરેશજી ગીરધરજી સોલંકી (રહે ઓળા ગામ ડેરીવાળોવાસ તા.ઈડર જી સાબરકાંઠા) ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં હાજરીને લઈ આજે ૪ જેટલા કર્મયોગીઓને જિલ્લા વિકાસ અધિકારી કચેરી તરફથી નોટીસ થપાવવામાં આવી છે.

● જિલ્લા પંચાયતમાં પી.એચ.એન. તરીકે સેવાઓ આપતા કિલ્પાબેન પટેલ આજે સ્વૈચ્છીક નિવૃત્ત થતાં આરોગ્યના કર્મચારીઓએ તેમને ભાવભીની વિદાય આપી હતી.

● ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ઉવારસદ બ્રીજ ચડતાં એક્ટીવા સ્લીપ થઈ જતાં યુવકનું સારવાર દરમ્યાન અવસાન થયુ છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● દહેગામના વટવા ખાતે જૂની અદાવતમાં ચાર શખ્સોનો બે ભાઈ પર ઘાતકી હુમલાની ઘટના પોલીસમાં નોંધાઈ છે.

● માણસાના અંબોડમાં ઘર આગળ પાર્ક કરેલ એક્ટીવાની ઉઠાંતરી થતાં ચકચાર મચી જવા પામી છે.

● ગાંધીનગર ખાતે મંત્રીમંડળની સમિતિના સભ્યો, કૃષિ સચિવ, નિષ્ણાતોની ઉપસ્થિતિમાં રાજ્ય કૃષિ ભાવ પંચની બેઠક યોજાઈ હતી.

● ગાંધીનગર જિલ્લા ભાજપની કારોબારી સમિતિની બેઠક માણસા ખાતે યોજાઈ હતી.

● આજથી તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવ માટે ખરીદી કરવા ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ થશે.

● આગામી ૩જી ફેબ્રુઆરીએ શ્રમ પારિતોષિક વિતરણ સમારોહ ગાંધીનગર ખાતે યોજાશે.

● દહેગામ કેનાલમાં આપઘાત કરવા પહોંચેલ મહિલાને અભયમ્‌ની ટીમે ઉગારી લીધી અને આશ્રય ગૃહમાં મુકવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

● કલોલ તાલુકાના બોરીસણા ગામે ઉમીયામાતાજીના મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

● શ્રીમતિ આર.એન. પટેલ પ્રા. શાળામાં દેશભક્તિના ગીતો અને ડાન્સનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

● સરકારી આવાસોનો ગેરકાયદે કબ્જો રાખનારાઓ સામે કોર્ટમાં કેસનો આંકડો ૪૦૦ને પાર થયો છે.

● ગાંધીનગર શહેરમાં અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દબાણની સમસ્યા વકરી રહી છે.

● માણસા તાલુકાના સોજા ગામે નેત્ર નિદાન અને ડાયાબીટીસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

● કલોલના હાજીપુર સ્થિત "મંથન" સંસ્થામાં ધારાસભ્ય લક્ષ્મણસિંહ ઠાકોરના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ.

# વાવોલ-કોલવડા રોડ પર કારની ટક્કરે બાઈક ચાલક આધેડનું મૃત્યુ

ગાંધીનગર,તા.૩૧

શહેરના વાવોલ થી કોલવડા માર્ગ પર બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક ચાલક આધેડનું મૃત્યુ નિપજયું છે. કાર ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ટક્કર મારતા બાઈક ચાલક આધેડ નીચે પટકાતા શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને શરીરે ગંભીર ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયાં આધેડનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૪ સત્યમ એપાર્ટમેન્ટ બ્લોક નં. એમ-૪૧-૪૮૩ ખાતે રહેતા નિલેશકુમાર અમરતભાઈ પરમાર (મુળ રહે રાંધેજા ગામ વણકર વાસ) પરિવાર સાથે રહે છે. જયારે નિલેશ શૈશવ ચિલ્ડ્રન હોસ્પિટલમાં કંમ્પાઉન્ડર તરીકે ખાનગી નોકરી કરે છે. જયારે તેના પિતાજી ચાર વર્ષ અગાઉ જુના સચિવાલય ખાતે સમાજ કલ્યાણની કચેરીથી નિવૃત થયા હતા. જયારે ઘરે નિવૃત જીવન ગુજારતા હતા. તેમની પાસે બજાજ કંપનીનું બાઈક નં.જી.જે.૧૮.ડી.એમ.-૯૫૭૬ નું છે. આ બાઈકનો ઉપયોગ તેના પિતા આવવા જવા માટે કરતા હતા. આજે સવારે નિલેશ નોકરી પર હાજર હતો તે સમયે કોઈ અજાણી વ્યકિતનો ફોન આવ્યો હતો. તેણે જણાવ્યું હતું કે આ મોબાઈલ ફોનવાળા વ્યકિતનું સવારના સાડા દશ વાગે વાવોલ થી કોલવડા તરફ જતા માર્ગ પર સિધ્ધાર્થ હોટલ ચોકડી પાસે અકસ્માત થયો છે. ઈજાગ્રસ્ત વ્યકિતને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા છે. નિલેશ પરમાર પોતાના કૌંટુબીકભાઈ સાથે ગાંધીનગર સિવિલ દોડી આવ્યા હતા. જયારે જઈને તપાસ કરતા તાત્કાલીક વિભાગમાં સારવાર હેઠળ હતા. જયારે તેમના માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. જયારે માથામાંથી લોહી નીકળતુ હતું. ત્યારે અચાનક સારવાર દરમિયાન અમરતભાઈએ અંતિમ શ્વાસ લીધા હતા. નિલેશ અને તેના ભાઈએ સ્થળ પર જઈને તપાસ કરતા બાઈક સાઈડમાં પડ્યું હતું. જયારે અકસ્માતને પગલે એકઠા થયેલા રાહદારીઓએ જણાવ્યુ કે રોડની સાઈડમાં પડેલી એક ગાડી નં. જી.જે.૧૮.એ.એચ.-૫૫૬૮ ના ચલાકે અકસ્માત કર્યો છે. જેથી મૃતકના દિકરાએ કાર ચાલક સામે ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# તારાપુર બ્રિજ પાસે એક્ટીવા સ્લીપ ખાઈ જતા યુવકનું મૃત્યુ

ચિલોડા, તા. ૩૧

ગાંધીનગર-સરખેજ માર્ગ પર આજે સવારે ઉવારસદ બ્રિજ ચઢતા અમદાવાદના ૨૩ વર્ષિય યુવકનું એકટીવા સ્લીપ ખાઈ જતા મોઢાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા યુવકનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું.બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ગોતા વીરસાવરકર હાઈટ-૧ ખાતે રહેતા તેનાસિંહ તેજમલસિંહ ભાટી (મુળ રહે. કાપરાઉ ગામ જી.રાજસ્થાન) પરિવાર સાથે રહે છે. જયારે તેઓ આશ્રમરોડ ખાતે ઝેરોક્ષની દુકાન પર ઓપરેટર તરીકે કામ કરે છે. તેનાસિંહને સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે. દિકરીના લગ્ન ગાંધીનગર સેકટર-૫ ખાતે રહેતા મહિપાલસિંહ ચૌહાણ સાથે કર્યા છે. જયારે અમદાવાદ આશ્રમરોડ પર હરેકૃષ્ણ કોમ્પ્લેક્ષ સ્થિત રિધ્ધી ટ્રેડીંગમાં ઝેરોક્ષ મશીન ના સર્વિસ એન્જીનિયર તરીકે નોકરી કરે છે. જયારે તેઓના પત્ની ભાવનાબા ના નામે ખરીદેલ એકટીવા નં. જી.જે.૦૧.યુ.એસ.-૮૩૮૧ નો ઉપયોગ કુલદિપસિંહ નોકરી ઉપર જવા આવવા માટે કરતો હતો. આજે સવારે સવારના સાડા આઠ વાગે તેનાસિંહ ઘરે હાજર હતા તે સમયે તેમનો દિકરો કુલદિપસિંહ સવારના સાડા છ વાગે તેની નોકરીના કામે એકટીવા લઈને ગાંધીનગર આવ્યો હતો. કામ પુરુ કરીને સાડા આઠ વાગે ઘરે આવવાનું કહીને ગયો હતો. જેથી તે ટાઈમ થઈ ગયો હોવા છતા ઘરે ન આવતા તેનાસિંહે ફોન કરતા અન્ય વ્યકિતએ ફોન ઉપાડીને કહ્યું કે મોબાઈલવાળા ભાઈનું ઉવારસદ બ્રિજ ચઢતા જ ઢાળ પર એકટીવા સ્લીપ ખાઈ જતા તેમના માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજા પહોંચી છે.

બેભાન અવસ્થામાં ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લાવ્યા છે. જેથી તેઓએ ગાંધીનગર સેકટર-૫ ખાતે રહેતા જમાઈને ફોન કરી બનાવની જાણ કરી હતી. જેથી તાત્કાલીક તેઓ પત્ની અને દિકરા સાથે ગાંધીનગર સિવિલ દોડી આવ્યા હતા. જયારે સિવિલ ખાતે જમાઈ મહિપાલસિંહ દોડી આવ્યા હતા. તે સમયે કુલદિપસિંહ તાત્કાલીક વિભાગમાં સારવાર હેઠળ હતા. ત્યારે કુલદિપસિંહનું સારવાર દરમિયાન મૃત્યુ થયુ હતું.

આશાસ્પદ યુવકના મૃત્યુને પગલે પરિવારજનોના હૈયાફાટ રૂદનથી વાતાવરણ ગમગીન બની ગયું હતું.જયારે બનાવની જાણ થતા પોલીસ પણ દોડી આવી હતી. અકસ્માત અંગે પુછતા જાણવા મળ્યું હતું કે યુવકનું એકટીવા ઉવારસદ બ્રિજ ચઢતા સમયે સ્લીપ ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં આશાસ્પદ યુવકનું મૃત્યુ નિપજયું હતું.



સ્માર્ટ સીટી અંતર્ગત ગાંધીનગર શહેરમાં વારંવાર કોઈને કોઈ પ્રોજેક્ટ અન્વયે ખોદકામ ચાલી રહ્યુ છે. આ ખોદકામના પગલે વારંવાર પાણીની પાઈપલાઈન તુટી જાય છે અથવા ઈલેક્ટ્રીકના વાયરોને નુકશાન થાય છે. સેક્ટર-૧૧માં કોર્ટની નજીક ઘ-રોડ પર પાણીની પાઈપલાઈન લીકેજ થતા રોડ ઉપર જ પાણી ભરાયુ છે. મુખ્ય માર્ગ પર પાણી ભરાતા વાહનચાલકોને અગવડતા ભોગવવી પડી રહી છે.

## સિધ્ધાર્થ લો કોલેજ ખાતે જી-૨૦ ક્વીઝ કોમ્પીટીશન યોજાઈ



સિધ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગરમાં જી-૨૦ ક્વીઝ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ.સોનલ મેવાડા (જી-૨૦ નોડલ ઓફીસર દ્વારા) પ્રેઝેન્ટેશન અને ટુંકમાં પરિચય આપવામાં આવ્યો હતો. વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અંતમાં આ સ્પર્ધાના વિજેતાઓ જાહેર કરાયા હતા. પ્રિન્સીપાલ ડૉ.દિલીપ મેવાડા તેમજ અન્ય સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# સિવિલમાં ટાઈલ્સનું કામ કરતા શ્રમિકને અજાણ્યા શખ્સે છરી મારી

ગાંધીનગર,તા.૩૧

ગાંધીનગર સિવિલમાં રાત્રીના સમયે મારામારીની ઘટના સામે આવી છે.દર્દીના સગાઓએ ટાઈલ્સ ફીટીંગનું મજુરી કામ કરતા શ્રમિકને પેટના ભાગે છરી મારતા હોહા મચી જવા પામી હતી. જો કે છરી મારી ચારેય જણા રાત્રીના અંધકારમાં નાસી ગયા હતા. જયારે અન્ય સાથી શ્રમિકો યુવકને સિવિલના તાત્કાલીક વિભાગમાં સારવાર માટે લઈ ગયા હતા.બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રહેતા અને છેલ્લા એક વર્ષથી ટાઈલ્સ ફીટીંગનું મજુરી કામ કરતા પંકજ સોમાભાઈ વસૈયા (મુળ રહે ભાવપુરા તા.ઝાલોદ જી.દાહોદ) તેમજ મુકેશ, અજિત, સતિષ, ધવલ સહિતના શ્રમિકો કામ કરે છે અને સિવિલ ખાતે જ રહે છે.ત્યારે શ્રમિકો જી-૧ ના પહેલા માળે હાજર હતા.ત્યારે રાત્રીના સમયે અચાનક ચાર જેટલા શખ્સો ત્યાં આવી પહોંચ્યા હતા. તેમણે જણાવ્યું હતુ કે તમારી સાથે કામ કરતા અન્ય કારીગરનું ઉપરાણુ લઈને ચોથે માળ કેમ આવ્યા હતા. તેમ કહીને ઝપાઝપી કરી હતી. તે સયમે ચાર પૈકીના એક શખ્સે છરી કાઢી પંકજ વસૈયાના પેટના ભાગે મારી દીધી હતી. પંકજને છરી વાગતા લોહી નીકળતા હોહા થતા ચારેય શખ્સો નાસી ગયા હતા. મુકેશ ડામોર, અજીત, સતિષ અને ધવલ બધા એકઠા થઈને પંકજને સારવાર માટે લઈ ગયા હતા. જયાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે એડમીટ કર્યો છે. જયારે રાત્રીના સમયે કામ કરતા શ્રમિકને છરી મારવાની ઘટનાને પગલે સિવિલમાં ચકચાર મચી જવા પામી હતી.

# ચિલોડા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર દ્વારા રક્તપિત વિરોધી દિનની ઉજવણી

ચિલોડા, તા. ૩૧

૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી નિર્વાણધિન થયા. ગાંધીજી રક્તપિત દર્દીઓની સેવા પ્રભુસેવા ગણતા હતા. તેથી દર વર્ષે ૩૦મી જાન્યુઆરીના રોજ રક્તપિત વિરોધી દિન તરીકે ઉજવવામાં આવે છે. સરકારશ્રી દ્વારા હાલમાં સ્પર્શ રક્તપિત જાગૃતિ અભિયાન તા. ૩૦ જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી સુધી રક્તપિત વિશેની માહિતી આપવામાં આવી રહી છે. આ અંતર્ગત ચિલોડા આયુષ અને વેલનેસ સેન્ટર, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ચિલોડા પ્રાથમિક શાળામાં ડૉ. કૌશલ



નાયક તથા આરોગ્યકર્મી, પેરાલીગલ વોલન્ટીયર નટુભાઈ પટેલ, શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલની ઉપસ્થિતિમાં રક્તપિત નિર્મૂલન દિવસની કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નટુભાઈ પટેલે રક્તપિતના ચિહ્નો, લક્ષણો, સારવાર અને નિદાન, સમયસર સંપૂર્ણ સારવારથી શારીરિક વિકૃતિ અટકાવી શકાય. રક્તપિત એક સામાન્ય બિન ચેપી રોગ છે. લેપ્રાબેસીલાઈ નામના બેક્ટેરિયાથી થાય છે વગેરે બાળકોને માહિતીગાર અને માર્ગદર્શન આપ્યું હતું.

## દહેગામ પાસે કેનાલમાં જીવન ટૂંકાવવા પહોંચેલી મહિલાને અભયમની ટીમે બચાવી

CALL 181
મહિલા હેલ્પલાઈન
સલાહ • બચાવ–મદદ • સૂચન–માર્ગદર્શન

ચિલોડા, તા. ૩૧

મહિલા હેલ્પલાઈનમાં કોલ આવેલો દહેગામ તાલુકામાંથી એક મહિલાએ પ્રેમી સાથે પ્રેમલગ્ન કરી સુખી સંસાર શરૂ કરવા આવેલી પરિણીતા ઉપર સાસરિયાના ત્રાસથી પરિણીતા દહેગામ ઔડા ગાર્ડનમાં આત્મહત્યા કરવા નીકળી ગયેલા. અભયમની ટીમે કોલ આવતાની સાથે જ બનવાના સ્થળે પહોંચી પીડિતાનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું.અને સાંત્વના આપી સમજાવેલ જે આત્મહત્યા કરવાથી સમસ્યાનું સમાધાન થતું નથી વિગતમાં પરિણીતાને પૂછતા તેમના પ્રેમલગ્નને આશરે ત્રણ વર્ષ થયાં છે. તેમનું પિયર અમદાવાદમાં કૃષ્ણનગર છે. પીડિતા અમદાવાદ મ્જીદ્ન માં નોકરી કરે છે અને પતિ પણ તેમની સાથે જ નોકરી કરે છે. લગ્ન ના એકાદ વર્ષ સુધી બંને વચ્ચે સુખી સંસાર ચાલ્યો હતો. પછી દિવસો જતા પીડિતાને અમદાવાદથી નોકરીથી આવતા વહેલું મોડું થતાં પતિ, સાસુ સસરા ચારિત્ર્ય પર શંકા કરવા લાગ્યા હતા. અને માનસિક ત્રાસ આપવા લાગ્યા હતા છતાં પ્રેમ લગ્ન થયા હોવાને કારણે પીડિતા ઘણું સહન કર્યું હતું. પરિણીતા પતિને જ્યારે સમસ્યા જણાવે છે ત્યારે પતિ તેને ઘર છોડી દેવાનું કહે છે. છેલ્લા બે દિવસથી પતિ તેમની સાથે ઘરકામની બાબતે ઝઘડો કરે છે અને અપશબ્દો બોલતો હતો અને ચારિત્ર્ય હિન કહી બદનામ કરે છે અને જાતિ વિષયક અપશબ્દો બોલે છે. આમ આવા ત્રાસ થી કંટાળી આત્મહત્યા કરવા નિર્ણય લીધો હતો.

અને કેનાલ પાસે આવીને આત્મહત્યા કરવા જતા અભયમની ટીમે તેમને બચાવી તેમના પતિને રૂબરૂ બોલાવી જાત વિશે બોલતા એટ્રોસિટી કેસ દાખલ થઈ શકે છે. તેમજ ઘરેલુ હિંસા આઈપીસી ૪૯૮ સહિતની કાયદાકીય સમજ આપી હતી. પીડિતા સાસુ સસરા સાથે રહેવા માંગતા ન હોવાથી તેમને ગાંધીનગર આશ્રય ગૃહમાં મૂકવામાં આવ્યા હતા.

# રક્ષા યુનિવર્સિટીએ-SASTRA VCCI એક્સ્પો-માં ભાગ લીધો

ચિલોડા, તા. ૩૧

વડોદરા, ગુજરાત, ભારત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના ઈનોવેશન એન્ડ ઈક્યુબેશન સેન્ટર, SASTRA (સિક્યોરિટી એન્ડ સાયન્ટિફિક ટેકનિકલ રિસર્ચ એસોસિએશન)એ ગુજરાતના વડોદરા ખાતે ૨૭ થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન ૧૧મા મેગા ઔદ્યોગિક પ્રદર્શન VCCI એક્સ્પોમાં ભાગ લીધો હતો. આ એક્સ્પોનું સત્તાવાર ઉદઘાટન ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા અન્ય મહાનુભાવોની હાજરીમાં કરવામાં આવ્યું હતું, જ્યાં તેમણે ઉલ્લેખ કર્યો હતો કે આવા કાર્યક્રમો યોજવાનો અર્થ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો વિકાસ (MSME) મંત્રાલય દ્વારા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર કરવા તરફ આગળ વધવું અને એકંદરે ટકાઉપણું છે. આ ચાર દિવસીય કાર્યક્રમમાં, SASTRA (સિક્યોરિટી એન્ડ સાયન્ટિફિક ટેકનિકલ રિસર્ચ એસોસિએશન) ને MSME અમદાવાદ, ભારત સરકારના કાર્યાલય દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા દળો અને MSME વચ્ચેના અંતરને દૂર કરવા માટે તેની ક્ષમતાઓ દર્શાવવા અને તેનું પ્રતિનિધિત્વ કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. નેશનલ વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં SASTRA અધિકારીઓ દ્વારા કરવામા આવેલ પ્રસ્તુતિએ વિવિધ MSME માટે સહયોગ કરવાની સ્પષ્ટ દિશા અને તક પૂરી પાડી હતી. સફળતાની વાર્તાઓ શેર કરતા, SASTRA અધિકારીઓએ ટેકનોલોજી ટ્રાન્સફર દ્વારા તેની નવીનતાઓના વ્યાપારીકરણ માટે ભારતીય નૌકાદળ સાથેના તેમના સહયોગનો ઉલ્લેખ કર્યો અને વિવિધ MSMEને સ્કેલિંગ અને મોટા પાયે ઉત્પાદન માટે ભાગીદારી કરવાની તક આપી. એવું પણ માહિતગાર કરવામાં આવ્યું હતું કે SASTRA MSMEને રાષ્ટ્રીય સુરક્ષા દળો સાથે તેમના વિકસિત ઉત્પાદનો/ટેકનોલોજીઓ સાથે જોડવા માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે જે આપણા રાષ્ટ્રને સુરક્ષિત કરે છે. આ કાર્યક્રમમાં ભાગ લેવાનો મુખ્ય હેતુ એકેડેમિયા, ઉદ્યોગ, ઈનોવેટર અને સરકાર વચ્ચે જોડાણમાં મદદ કરીને આત્મનિર્ભર ભારતનું વિઝન હાંસલ કરવાનો છે.



કોરોના કાળ બાદ પણ માસ્કનો ઉપયોગ વ્યાપક બન્યો છે.

માસ્ક અન્ય વાહકજન્ય રોગથી બચાવતા હોવાથી તેને સતત પહેરી રાખવાની સલાહ અપાય છે.

આ ઉપરાંત માસ્ક ધૂળ અને પ્રદૂષણથી પણ રક્ષણ આપે છે. રોડ પર ભીક્ષાવૃત્તિ કરતા એક વયોવૃદ્ધ માજી પણ માસ્ક લગાવી ધૂળ, પ્રદૂષણ અને રોગચાળા સામે રક્ષણ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે.